સફેદ હરણ



© ગુજરાતી ભાષામાં અનુવાદ,
પ્રગતિ પ્રકાશન, ૧૯૭૪

સફેદ હરણ

લાતવિયાની લોકકથા

કથન — લ્યૂદમીલા કોપિલોવા

ચિત્રાંકન — નિકોલાઇ કોચેર્ગીન   અનુવાદ — અતુલ સવાણી

પ્રગતિ પ્રકાશન
મોસ્કો



સાંભળો કાન માંડીને
કોયડો નથી બહુ મોટો.
હરણ એક સફેદ રૂપાળું,
મોટાં ને મજબૂત શિંગાળું.
નજરે પડે સૌને,
હાથ ના'વે કોને.

બે હતા ભાઈ. બેઉ ભેગા રમતા રમતા મોટા જુવાન થયા. જોરાવર એવા કે નદીકાંઠે ઊગેલા બે તોતિંગ ઝાડ જેવા. એક દિવસે બાપુએ બેઉને બોલાવીને કહ્યું: "મનની વાત કરો કે તમે કામકાજ શું કરવાના છો?"

બેઉ દીકરાએ પહેલાં તો માથાં ધુણાવ્યાં, પણ આખરે કહી દીધું: "મન તો સુથાર બનવાનું થાય છે. પણ શિકારીઓ બનીએ અને હંસલાં બતકાંનો શિકાર કરીએ તો ભારે મઝા પડે."

બાપુએ વાત સાંભળીને બેઉ દીકરાને તીરકામઠાં બંધાવ્યાં અને ભેગો એકેક કૂતરો દીધો. પછી આશિષ આપીને તેમને ઝાંપે વળાવ્યા.

એવી રીતે બન્ને ભાઈઓ નીકળી પડયા. ચાલતાં ચાલતાં તેમને જંગલી બતકાંનું ટોળું નજરે પડયું. તેમણે તીર છોડયાં પણ એકેય નિશાન લાગ્યું નહિ. એટલામાં તેમને ભાન થયું કે પોતે કોઈ ગાઢ વનમાં પહોંચી ગયા છે. તેમણે બહુ કોશિશ કરી પણ વનમાંથી બહાર નીકળવાનો માર્ગ ન મળ્યો તે ન જ મળ્યો. ભાતું સાવ થઈ રહેવા

આવ્યું હતું, પણ તેમણે નક્કી કર્યું કે ગમે તેમ થાય તોયે હિંમત ન હરવી.

અચાનક બે પહાડી બકરા તેમની નજરે પડયા. ભાઈઓ નિશાન તાકીને તીર છોડવા જાય છે. એટલામાં બકરા માણસની વાણીમાં બોલી ઊઠયા:

"અમને મારશો નહિ, તમને જરૂર પડશે ત્યારે મદદ કરીશું."

બકરાને જીવતા રહેવા દઈને ભાઈઓ આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં તેમને બે વરુ દેખાયાં. તેમણે નિશાન તાક્યાં પણ એટલામાં વરુ બોલી ઊઠયાં:

"અમને મારશો નહિ, તમને જરૂર પડશે ત્યારે મદદ કરીશું."

વળી પાછા બેઉ ભાઈ આગળ ચાલ્યા. થોડી વારમાં બે સસલાં નજરે પડયાં. ભાઈઓએ કામઠાં ઊંચાં કર્યાં ત્યાં સસલાં બોલી ઊઠયાં:

"અમને મારશો નહિ, તમને જરૂર પડશે ત્યારે મદદ કરીશું."

એવી રીતે દરેક ભાઈને વનમાં ત્રણ ત્રણ ખરા દોસ્તો સાંપડયા: બકરો, રાખોડી વરુ, અને સસલું. વળી, તેમની પાસે વફાદાર કૂતરા પણ હતા.

વનમાં આગળ જતાં રસ્તામાં બે ફાંટા આવ્યા. ત્યાં ઊભા રહીને બેઉ વિચારવા લાગ્યા કે કયો રસ્તો લેવો. આખરે તેમણે નક્કી કર્યું કે અલગ અલગ રસ્તે જઈને પોતપોતાનું નસીબ અજમાવવું. જુદા પડતા પહેલાં બન્ને ભાઈઓએ પોતાની કટારો એક જૂના ઝાડના થડમાં ખૂંચાડીને ફેંસલો કર્યો કે વખત વીતતાં પાછા આવીને જોઈ જવું કે બીજા ભાઈની હાલત કેવી છે. કટાર ચળકતી અને ધારદાર હોય તો તેનો માલિક મઝામાં હોય. પણ કટારને કાટ ચડી ગયો હોય તો તેનો માલિક મુશ્કેલીમાં સપડાઈ ગયો હોય, અને તેને ભાઈની મદદની જરૂર હોય.



પછી બેઉ ભાઈ એકબીજાને સલામ કરીને પોતપોતાને રસ્તે નીકળી પડયા. એકે ડાબો માર્ગ લીધો અને બીજાએ જમણો.

મોટો ભાઈ એક દિવસ ચાલ્યો પણ તેને કશું નજરે ન પડયું. બીજે દિવસ પણ એમ જ ચાલતાં ચાલતાં વીતી ગયો. ત્રીજે દિવસે તેને એક મોટો મહેલ દેખાયો. તેનો આગળનો ભાગ અને બાજુની દીવાલો ચીડનાં લાકડાંનાં બનેલાં હતાં. તેનો મિનારો એટલો ઊંચો કે વાદળાંથી ઢંકાઈ ગયેલો. અંદર કોઈ માણસ નહિ, માત્ર એક જુવાન કન્યા ગોખે બેઠેલી.

"રૂપાળી રમણી, સૌ ક્યાં ગયા છે?" મોટા ભાઈએ પૂછ્યું.

"સફેદ હરણને પકડવા, પણ સૌ ભૂખરા પથરા બની ગયા છે. મારા બાપુની પણ એવી જ હાલત થઈ છે."

"ફિકર નહિ. મદદગારોને લીધા વગર ગયા હશે એટલે એમ બન્યું. પણ આમ જો, મારી ભેગા તો કેટલા બધા દોસ્તો છે! સફેદ હરણને પકડવામાં સૌ મને મદદ કરશે, અને હું તારા બાપુને પણ બચાવીને પાછા લઈ આવીશ."

કોયડો નાનકડો, પણ વાર્તા લાંબી છે.

દરવાજે પહોંચતાં મોટા ભાઈને એક મોટું સફેદ હરણ દોડી જતું દેખાયું. તેણે હરણને પકડવા દોટ મૂકી, અને બકરો, વરુ, કૂતરો ને સસલું પણ ભેગાં



દોડવા લાગ્યાં. પણ કામ તેણે ધારેલું એટલું આસાન નહોતું. સફેદ હરણ તો જાણે ભોંયમાં અલોપ થઈ ગયું, અને તેની જગ્યાએ ફક્ત ઝાંખા ધુમ્મસનો આછો ગોટો જ નજરે પડયો.

વનને છેડે એક કદરૂપી ડોસલી તાપણું સળગાવીને બેઠેલી. મોટા ભાઈએ તેની પાસે જઈને પૂછ્યું:

"દાદીમા, તમારે તાપણે બેસીને જરા ગરમાવો કરી લઉં?"

"હા, બેસ ને, મારે શું! પણ પહેલાં તારાં જનાવરને પંપાળવા દે, જરાય ઈજા નહિ કરું."

"ભલે."

કદરૂપી ડોસલીએ હાથ અડાડયો કે તરત જ બધાં જનાવર ભૂખરા પથરા બની ગયાં. મોટો ભાઈ પણ પથરો બની ગયો.



દરમિયાનમાં નાનો ભાઈ વિશાળ વનમાં ભટકતો રહ્યો. આખરે તે એક રાજ્યમાં પહોંચ્યો અને રાજાનાં ઘેટાંની દેખરેખ રાખવાનું કામ લઈને ત્યાં જ રહી ગયો.

થોડા વખતમાં રાજ્ય મોટી આફતમાં સપડાઈ ગયું. ઉછાળા મારતા દરિયામાંથી વિકરાળ અજગર જેવો એક રાક્ષસ બહાર નીકળ્યો, અને તેણે ખાવા માટે રાજાની ત્રણ કુંવરીઓની માગણી કરી. રાક્ષસે ધમકી આપી કે મારી મરજી પૂરી નહિ થાય તો હું પૂંછડી વડે દરિયાને ખળભળાવી મૂકીશ અને રાજાનાં બધાં શહેરોની ઉપર પાણીનાં જબ્બર મોજાં ફરી વળશે.

રાજા બીચારો હતાશ થઈ ગયો. તેણે જાહેર કર્યું કે જે કોઈ આદમી રાક્ષસને મારી નાખશે તેને હું નાની કુંવરી પરણાવીશ. રાજ્યને ખૂણે ખૂણે ઢંઢેરો પીટવામાં આવ્યો, પણ બીડું ઉપાડવાની હિંમત કોઈએ ન કરી.

કુંવરીઓની કમનસીબીના ખ્યાલે રાજા વિલાપ કરવા લાગ્યો, પણ રોવા કકળવાથી કંઈ વળ્યું નહિ. બીજે દિવસે સવારે મોટી કુંવરીને રાક્ષસના ખોરાક માટે મોકલવાની હતી.

નાના ભાઈને બધી વાતની ખબર પડી. તેને થયું કે બીચારી કુંવરી રાક્ષસના પેટમાં પડીને જાન ગુમાવે એ તો ઠીક નહિ. તેણે આખો દિવસ ઘેટાંની દેખરેખ રાખી, પણ રાત દરમિયાન તેણે અને તેનાં વફાદાર જનાવરોએ મળીને એક ખૂબ પાણીદાર તલવાર ઘડી નાખી.

પરોઢ થયું એટલે મહેલનો ગાડીવાન મોટી કુંવરીને રાક્ષસ પાસે પહોંચાડવા નીકળ્યો. ઘેટાંનો વાડો રસ્તામાં પડતો હતો. ગાડી ત્યાંથી નીકળી એટલે નાના ભાઈએ હાક મારીને પૂછ્યું:

"ક્યાં ચાલ્યા સવારમાં આટલા વહેલા?"

"રાક્ષસ પાસે, બીજે વળી ક્યાં! કેમ ભાઈ ભરવાડ, રાક્ષસના દાંત ગણવા જેટલી હિંમત છે તારામાં?"

"કોશિશ કરી જોઉં," નાના ભાઈએ જવાબ દીધો અને તે ગાડીની પાછળ પાછળ ચાલી નીકળ્યો.

ઊછળતા દરિયાને કાંઠે રેતીમાં ગાડી ઊભી રહી ગઈ. બીચારી કુંવરી કલ્પાંત કરતી અને વહારની ધા નાખતી નીચે ઊતરી. ગાડીવાન તરત જ ઘોડાને કાંઠેથી પાછા વાળીને જોખમની જગ્યાએથી આઘો ખસી ગયો. તેણે કહ્યું કે મારી પાસે હથિયાર નથી, અને વળી હું એકલો રાક્ષસને પહોંચી ન શકું.

એટલામાં દરિયાનું પાણી કાળું થઈ ગયું અને ત્રણ માથાંવાળો એક ભયંકર રાક્ષસ મોજાંમાંથી બહાર નીકળ્યો. નાના ભાઈનાં વફાદાર જનાવર એકદમ રાક્ષસની ઉપર તૂટી પડયાં. તે પોતે

પણ ઝડપથી એક ઘોડા ઉપર સવાર થઈ ગયો, અને પાણીદાર તલવારનો એક જ ઝાટકો મારીને રાક્ષસનાં ત્રણેય માથાં તેણે ઉડાવી દીધાં. પછી રાક્ષસની ત્રણેય જીભ કાપીને તેણે કોથળામાં નાખી લીધી, અને જાણે સાવ સાધારણ બનાવ બન્યો હોય એમ એક શબ્દ પણ બોલ્યા વગર તે પાછો વાડામાં પહોંચી ગયો.

પણ ગાડીવાનની દાઢ સળકી. તેને થયું કે બહાદુરીનું માન હું જ મારી લઉં. એટલે તેણે કુંવરીને કહ્યું:

"જોયું ને? અમે તને કેવી બચાવી લીધી! પણ ખબરદાર, કોઈને કહેતી નહિ કે ભરવાડ આપણી ભેગો આવેલો, નહિતર હું તને જાનથી મારી નાખીશ. રાજા પૂછે તો કહેજે કે 'ગાડીવાન મને દરિયે લઈ ગયો અને પાછી લઈ આવ્યો. ઈનામ એને જ આપો.'"

કુંવરીને નછૂટકે કબૂલ કરી લેવું પડયું. તેને જાન ગુમાવવાનું જરાય મન નહોતું.

બીજે દિવસે સવારે છ માથાંવાળો રાક્ષસ ઊછળતા દરિયામાંથી બહાર નીકળ્યો.

એ જ ગાડીવાન પાછો વચેટ કુંવરીને રાક્ષસના ખોરાક માટે પહોંચાડવા નીકળ્યો. રસ્તે વાડામાં નાનો ભાઈ ઘેટાંનું કામકાજ કરી રહ્યો હતો. આ વખતે પણ તે ગાડી ભેગો ચાલી નીકળ્યો, અને તેણે કુંવરીને બચાવી લીધી. રાક્ષસની છ જીભ કાપીને તેણે કોથળામાં મૂકી દીધી.

ત્રીજે દિવસે પાછો એ જ ગાડીવાન નાની કુંવરીને રાક્ષસના ખોરાક માટે પહોંચાડવા નીકળ્યો. રસ્તે વાડામાં નાનો ભાઈ રોજની જેમ કામ કરતો હતો. પણ કામ પડતું મૂકીને ત્રીજી વાર તે ગાડી ભેગો ચાલી નીકળ્યો.

ત્રીજી વાર ગાડીવાને ઊછળતા દરિયાને કાંઠે રેતીમાં ગાડી ઊભી રાખી. નાની કુંવરી કલ્પાંત કરતી અને વહારની ધા નાખતી નીચે ઊતરી. પણ ત્રીજી વાર ગાડીવાન તરત જ ઘોડાને કાંઠેથી પાછા વાળીને જોખમની જગ્યાએથી આઘો ખસી ગયો. તેણે કહ્યું કે મારી પાસે હથિયાર નથી, અને વળી હું એકલો રાક્ષસને પહોંચી ન શકું.

એટલામાં દરિયાનું પાણી કાળું થઈ ગયું અને નવ માથાંવાળો એક ભયંકર રાક્ષસ મોજાંમાંથી બહાર નીકળ્યો. નાના ભાઈનાં વફાદાર જનાવરો એકદમ રાક્ષસની ઉપર તૂટી પડયાં, અને તેણે પાણીદાર તલવારનો એક જ ઝાટકો મારીને રાક્ષસનાં નવે નવ માથાં ઉડાવી દીધાં. એ વખતે નાની કુંવરીએ ગાડીવાનની નજર ચુકાવીને પોતાની વીંટી ભરવાડના હાથમાં સરકાવી દીધી. નાના ભાઈએ માથું નમાવીને કુંવરીનું અભિવાદન કર્યું, અને રાક્ષસની નવ જીભ કાપીને કોથળામાં મૂકી દીધી. પછી જાણે સાવ સાધારણ બનાવ બન્યો હોય એમ એક શબ્દ પણ બોલ્યા વગર તે પાછો વાડામાં પહોંચી ગયો.

પણ ગાડીવાનની દાઢ સળકી. તેને થયું કે બહાદુરીનું માન હું જ મારી લઉં. એટલે તેણે કુંવરીને કહ્યું:

"જોયું ને? અમે તને કેવી બચાવી લીધી! પણ ખબરદાર, કોઈને કહેતી નહિ કે ભરવાડ આપણી ભેગો આવેલો, નહિતર હું તને જાનથી મારી નાખીશ. રાજા પૂછે તો કહેજે કે 'ગાડીવાન મને દરિયે લઈ ગયો અને પાછી લઈ આવ્યો. ઈનામ એને જ આપો.'"

કુંવરીને નછૂટકે કબૂલ કરી લેવું પડ્યું. તેને જાન ગુમાવવાનું જરાય મન નહોતું.

રાજાને પારાવાર ખુશી થઈ. ગાડીવાનને ભેટી પડીને તેણે કહ્યું:

"તેં મારી દીકરીઓને ભયંકર મોતના પંજામાંથી બચાવી લીધી. બદલામાં હું તને નાની કુંવરીનો હાથ અને ભેગું અરધું રાજપાટ આપું છું."

ધરમના કામમાં ઢીલ ન હોય. ત્રણ દિવસની અંદર શાદી કરી નાખવાનો ફેંસલો થઈ ગયો.

પણ ભરવાડનું શું? એ તો કોથળો ખભે નાખીને લપાતો છુપાતો મહેલમાં પહોંચી ગયો.



તેને જોઈને નાની કુંવરીએ રાજાને કહ્યું: "જેની પાસે મારી વીંટી છે અને જેણે મને રાક્ષસના પંજામાંથી બચાવી લીધી તેને જ હું તો પરણીશ. બીજા કોઈને નહિ."

બરાબર એ જ વખતે ગાડીવાને મદિરાનો જામ કુંવરીના હાથમાં આપ્યો. તેણે એક ઘૂંટડો ભરીને જામ ભરવાડને આપ્યો. ભરવાડે ગાડીવાનની નજર ચુકાવીને વીંટી જામમાં સરકાવી દીધી.

કુંવરીએ રાજાને કહ્યું: "મને રાક્ષસના પંજામાંથી આ જુવાને બચાવી છે."

પણ રાજાએ તેની વાત માની નહિ.

"ભલે, વીંટીની સાબિતી પૂરતી ન હોય તો રાક્ષસની બધી જીભ જેની પાસે હોય તેને હું પરણીશ."

એટલે રાજાએ તરત જ ગાડીવાનને કહ્યું:

"ચાલ, રાક્ષસની જીભ અમને ઝટ બતાવી દે, શાદીની મહેફિલમાં આપણી વાટ જોવાય છે."

પણ ગાડીવાનની પાસે રાક્ષસની જીભ હતી જ નહિ તો ક્યાંથી બતાવે? તેનું તો મોં જ સિવાઈ ગયું.

દરમિયાનમાં નાનો ભાઈ કુંવરીની નજીક પહોંચી ગયો અને તેણે રાક્ષસની અઢારે અઢાર જીભ રાજાને બતાવી.

રાજાએ તરત જ ફરમાન કર્યું કે ભરવાડને સોનેરી પોશાક પહેરાવીને નાની કુંવરી જોડે પરણાવો, અને ધુતારા હલકટ ગાડીવાનને કાયમને માટે મહેલમાંથી કાઢી મૂકો.

એવી રીતે નાનો ભાઈ રૂપાળી રાજકુંવરીને પરણ્યો, અને તેને ભેગું અરધું રાજપાટ મળ્યું. ત્યારથી તેની જિંદગી સુખચેનમાં વીતવા લાગી.

પણ એક દિવસ તેને ભાઈ યાદ આવ્યો એટલે ઝાડમાં ખૂંચાડેલી ભાઈની કટાર જોવા તે વનમાં ગયો. પણ કટાર તો છેક મૂઠ સુધી સાવ કટાઈ ગઈ હતી. તેને સમજાઈ ગયું કે મોટો ભાઈ ભારે આફતમાં સપડાઈ ગયો લાગે છે. રાજકુંવરીથી અળગા પડવાનો ખ્યાલ તેને મુદ્દલ ગમ્યો નહિ, પણ તે છતાં વફાદાર કૂતરો, બકરો, વરુ અને સસલાને ભેગાં લઈને તે ભાઈની તલાશમાં નીકળી પડયો.

ચાલતાં ચાલતાં તેને એક મોટો મહેલ દેખાયો. તેનો આગળનો ભાગ અને બાજુની દીવાલો ચીડનાં લાકડાંનાં બનેલાં હતાં. તેનો મિનારો એટલો ઊંચો કે વાદળાંથી ઢંકાઈ ગયેલો. અંદર કોઈ માણસ નહિ, માત્ર એક જુવાન કન્યા ગોખે બેઠેલી.

"રૂપાળી રમણી, સૌ ક્યાં ગયા છે?" નાના ભાઈએ પૂછ્યું.

"સફેદ હરણને પકડવા, પણ સૌ ભૂખરા પથરા બની ગયા છે. તમારી પહેલાં એક બીજો શિકારી આવેલો. તે પણ સફેદ હરણને પકડવા ગયો છે."

"અરે, એ તો મારો ભાઈ! ઝટ એની વહારે જાઉં!"

કોયડો નાનકડો પણ વાર્તા લાંબી છે.

દરવાજે પહોંચતાં નાના ભાઈને એક મોટું સફેદ હરણ દોડી જતું દેખાયું. તેણે હરણને પકડવા દોટ મૂકી, અને બકરો, વરુ, કૂતરો ને સસલું પણ ભેગાં દોડવા લાગ્યાં. પણ કામ તેણે ધારેલું એટલું આસાન નહોતું. સફેદ હરણ તો જાણે ભોંયમાં અલોપ થઈ ગયું, અને તેની જગ્યાએ ફક્ત ઝાંખા ધુમ્મસનો આછો ગોટો જ નજરે પડયો.

વનને છેડે એક કદરૂપી ડોસલી તાપણું

સળગાવીને બેઠેલી. નાના ભાઈએ તેની પાસે જઈને પૂછ્યું:

"દાદીમા, આ બધા ભૂખરા પથરા અહીંયાં કેમ પડ્યા છે?"

"હમણાં કહું છું, પણ પહેલાં તારાં જનાવરને પંપાળવા દે, જરાય ઈજા નહિ કરું."

"ના, ડોસલી, તું ભારે લુચ્ચી છો, પણ હુંયે કંઈ બેવકૂફ નથી. આમ જો, આ તલવાર કેવી ધારદાર છે!"

બુઢ્ઢી ડાકણને નછૂટકે એકરાર કરી લેવો પડ્યો. તેણે કહ્યું:

"આ મોટા પથરા છે તે પહેલાં માણસો હતા, અને બાકીનાં જનાવર. તારો ભાઈ પણ એમાં જ છે."

"સમજાયું. તો આ જાદુનો તોડ શું છે? ભૂલતી નહિ કે મારી તલવારની ધાર બહુ તેજ છે!"

"આ તાપણું જોયું? તેમાંથી રાખ લઈને પથરાની ઉપર ભભરાવી દે."

નાના ભાઈએ તાપણાની રાખ લઈને બધા પથરા ઉપર ભભરાવી. તમામ પથરા એકદમ માણસામાં પલટાઈ ગયા. ઘણાબધા લોકો હતા, આખા રાજ્યની વસતિ અને ભેગો રાજા. મોટો ભાઈ અને તેનાં જનાવર પણ તેમાં સામેલ હતાં. બધાં જનાવર ડાકણની ઉપર તૂટી પડયાં અને તેને ખતમ કરી નાખી.

સૌનાં દિલોમાં ખુશીના જુવાળ ઊભરાયા. રાજાએ પોતાની દીકરી મોટા ભાઈને પરણાવી. ડાકણે તેની ઉપર પણ જાદુનો પાશ નાખેલો. તેની અસર નાબૂદ ન થાય ત્યાં સુધી બીચારી કુંવરી મહેલમાંથી બહાર ન નીકળી શકે.

નાનો ભાઈ પોતાની પત્ની પાસે પાછો ફર્યો અને બાકીની જિંદગી તેમણે સુખચેનમાં ગાળી.

પણ સફેદ હરણનું શું થયું? સાંભળો. જે વખતે ડાકણનું મોત થયું તે ઘડીએ સફેદ હરણને ઝાડના ઠૂંઠાની ઠેસ વાગી અને ડાકણના જાદુનો પાશ તૂટી ગયો. ત્યાર પછી સફેદ હરણ વનમાં લહેરથી ફરતું અને કદી કોઈને ઈજા ન કરતું.

БЕЛЫЙ ОЛЕНЬ
На языке гуджарати

Б $\frac{70802-179}{014(01)-82}$ 589—82

4803000000